For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## પરવટપાટિયાના પોલારિસ શોપિંગ સેન્ટરમાં SOGએ દરોડા પાડ્યા

# સુરતના શોપિંગમોલમાં DRUGSની ફેક્ટરી

**ફૂડ** ટેસ્ટિંગ લેબમાં 3 યુવક હાઈ પ્યુરિટી ક્રિસ્ટલ મેફેડ્રોન ડ્રગ્સ બનાવતા હતા

**10** હજાર રૂપિયાની ભાડાની દુકાનમાં કરોડોનો વેપલો

સુરતઃ પરવટ પાટિયા વિસ્તારમાં ફૂડ ટેસ્ટિંગ લેબના આવરણ હેઠળ ચાલતી હાઈ-પ્યુરિટી 'બ્લુ ક્રિસ્ટલ મેફેડ્રોન' ડ્રગ્સ ફેક્ટરીનો સુરત SOGએ ભંડાફોડ કર્યો છે. લંડનમાં બેઠેલા માસ્ટરમાઈન્ડના ઈશારે શિક્ષિત કેમિસ્ટ્સ દ્વારા બનાવાતું આ ડ્રગ્સ સોશિયલ મીડિયા મારફતે વેચાતું હોવાનું ખુલ્યું છે.

શહેરમાં ડ્રગ્સ સામે ચાલી રહેલી સઘન કાર્યવાહી દરમિયાન SOGને ચોક્કસ બાતમી મળી હતી કે પરવટ પાટિયા વિસ્તારમાં એક કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં ફૂડ ટેસ્ટિંગ લેબ તરીકે નોંધાયેલી જગ્યા પર શંકાસ્પદ પ્રવૃત્તિ ચાલી રહી છે. રેડ દરમિયાન તપાસ કરતાં ત્યાંથી હાઈ-પ્યુરિટી

...અનુસંધાન પાના 9 પર

### જીલની કડક પૂછપરછમાં ખુલ્યો ભેદ

અમરોલી છાપરાભાઠા રોડ પરથી 1 જાન્યુઆરી 2026ના રોજ SOGએ 21 વર્ષીય જીલ ભૂપતભાઇ ઠુમ્મરને 236.780 ગ્રામ MD ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો હતો. શરૂઆતમાં સામાન્ય સપ્લાય ચેનનો કેસ લાગતો હતો, પરંતુ જીલની કડક પૂછપરછ દરમિયાન ચોંકાવનારી કબૂલાત સામે આવી. તેણે સ્પષ્ટ જણાવ્યું કે આ ડ્રગ્સ કોઈ બહારના રાજ્યમાંથી લાવવામાં આવ્યું નથી, પરંતુ સુરત શહેરની અંદર જ એક ખાનગી લેબોરેટરીમાં બનાવવામાં આવ્યું છે. આ માહિતી મળતાં જ SOG હરકતમાં આવી ગઈ અને અલગ-અલગ ટીમો બનાવી તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો. શહેરની અંદર જ ડ્રગ્સનું ઉત્પાદન થતું હોવાની હકીકતે પોલીસને પણ ચોંકાવી દીધી. આ કબૂલાત જ સમગ્ર આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટના પર્દાફાશની શરૂઆત બની.



### રૂ. 2,92,050નો મુદ્દામાલ કબજે લેવાયો

- 200 ML મિક્સ કેમિકલ (કિંમત રૂ. 20,000)
- 1 લિટર HB કેમિકલ, 5 લિટર H2SO4
- મિથાઈલ એમાઈન કેમિકલ
- 1 નંગ Vacuum Oven (કિંમત 25,000)
- 1 નંગ Vacuum Pump (કિંમત 20,000)
- Overhead Stirrer અને ડિજિટલ વેઈંગ મશીન
- 50,850ની કિંમતનું 16.950 ગ્રામ તૈયાર મેફેડ્રોન ડ્રગ્સ
- 3 મોબાઈલ ફોન (કિંમત 1,15,000)

### લંડનથી ઓપરેટ થતું ડ્રગ્સ નેટવર્ક

એસોજીના પીઆઇ એ.પી. ચૌધરીએ માહિતી આપતા જણાવ્યું હતું કે તપાસ આગળ વધતાં 'લંડન કનેક્શન' સામે આવ્યું. પોલીસ તપાસમાં ખુલ્યું કે સમગ્ર રેકેટનો માસ્ટરમાઇન્ડ જનક જાદાણી લંડનમાં બેઠો છે. તે ત્યાંથી ફાઇનાન્શિયલ મદદ, ટેકનિકલ માર્ગદર્શન અને નેટવર્ક સંચાલન કરતો હતો. જનક પોતે કેમિસ્ટ્રીનો વિદ્યાર્થી હોવાથી તેને ખબર હતી કે કયા પ્રતિબંધિત વગરના કેમિકલ્સનો ઉપયોગ કરીને પ્રતિબંધિત MD ડ્રગ્સ બનાવી શકાય. વિદેશમાં બેઠો માસ્ટરમાઇન્ડ સુરતના યુવાધનને નશાની ખાઈમાં ધકેલતો હતો. આથી આ કેસ હવે માત્ર સ્થાનિક નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ કાવતરું હોવાનું સ્પષ્ટ થયું છે.

### માલિબા કોલેજમાં સાથે ભણતા હોવાથી એકબીજાના સંપર્કમાં આવ્યા

**1** આ આખા રેકેટનો મુખ્ય સૂત્રધાર છે.તે લંડન બેસીને આખું નેટવર્ક ઓપરેટ કરતો હતો. તે પોતે કેમિસ્ટ્રીનો વિદ્યાર્થી હોવાથી ડ્રગ્સ બનાવવાની ફોર્મ્યુલા અને પ્રોસેસ વિશે જાણતો હતો. તેણે જ પોતાની કોલેજ ફ્રેન્ડ ઈશા અનગણની લેબ ભાડે અપાવી હતી અને સુરતમાં રહેલા આરોપીઓને ડ્રગ્સ ક્યારે, ક્યાં અને કેવી રીતે બનાવવું તેની સૂચના આપતો હતો. **જનક જાગાણી (માસ્ટરમાઈન્ડ - લંડન સ્થિત)**

**2 બ્રિજેશ પ્રજ્ઞાલાલ બાલોદીયા** (ઉ.વ.૨૮ ધંધો. સિનિયર લેવ ટેક્નિશિયન રહે. ફ્લેટ નં.આઈ/૪૦૨, વિક્ટોરિયા ટાઉનશીપ, કામરેજ સુરત શહેરે મૂળ વતન ગામ. ઇન્દ્રા તા. માણાવદર, જી. જૂનાગઢ) માલિબા કોલેજમાંથી માસ્ટર ઓફ ઓર્ગેનિક કેમિસ્ટ્રીનો અભ્યાસ કર્યો છે અને એથર કંપનીમાં સિનિયર કેમિસ્ટ તરીકે નોકરી કરતો હતો.માસ્ટર માઈન્ડ જનકના કહ્યા પ્રમાણે ડ્રગ્સ સપ્લાય કરતો હતો.

**3 ખુશાલ રાણપરીયા** (રહે. ઘર નં. ૫૪, કૃષ્ણા પાર્ક સોસાયટી, છાપરાભાઠા રોડ, મૂળ વતન ગામ. નાની અમરોલી તા. પડધરી જી. રાજકોટ) માલિબા કોલેજમાંથી કેમિસ્ટ્રીનો અભ્યાસ કર્યો છે. તે ડ્રગ્સના ઉત્પાદન પ્રક્રિયામાં મદદ કરવાની સાથે, ડ્રગ્સ તૈયાર થયા પછી તેને ક્યાં મોકલવું અને પેમેન્ટ કેવી રીતે લેવું તે વ્યવસ્થામાં તેની ભૂમિકા મહત્વની હતી.

**4 ભરત લાઠીયા** (ઉ.વ. ૩૨ ધંધો. એમ્બ્રોઇડરી વર્ક રહે. ઘર નં. ૧૬, પ્રમુખપાર્ક સોસાયટી, છાપરાભાઠા રોડ, મૂળ વતન ગોંડલવદર તા. પાલિતાણા જી. ભાવનગર) ધોરણ 10 સુધી ભણેલો છે. ભરત મુખ્યત્વે ડ્રગ્સના વેચાણ અને વિતરણ પર ધ્યાન આપતો હતો. સોશિયલ મીડિયા પર જે ગ્રાહકો મળતા હતા, તેમની સાથે ડીલ કરતો હતો.

### રેવ પાર્ટી માટે ગોવા અને મુંબઇથી મોટો ઓર્ડર હતો


**એક વર્ષથી જનક સુરતમા અન્ય સ્થળે પણ બ્લુ એમડી ક્રિસ્ટલ વેચી રહ્યે હતો. જનક બ્લુ કલર એમડી બનાવતો હોવાને કારણે મુંબઇ અને ગોવામા તેના મોટા ખરીદારો હોવાની વિગત જાણવા મળી છે. દરમિયાન છેલ્લા એક વર્ષથી અન્ય કયા સ્થળે જનક જાગાણીએ લેબ રાખી હતી તેની શોધખોળ પોલીસ કરી રહી હોવાની વિગત જાણવા મળી છે. તેમા મુંબઇ અને ગોવાથી મોટો ઓર્ડર મળ્યો હોવાની વિગતો પોલીસ તપાસમા બહાર આવી છે. આ એમડીની પ્યુરીટી વધારે હોવાને કારણે તે ત્વરીતજ મગજની નર્વ સીસ્ટમને અત્યંત ઉચ્ચ સ્તરે નશો કરાવે છે. તેમા એવુ કહેવાય છે કે આનો ઓવર ડોઝ તે બ્લડ પ્રેશર હાઇ કરી દે છે અને હાર્ટ એટેકથી મોતની સંભાવના રહે છે.**

### લક્ઝરી બસના એસોસિએશનના પ્રમુખ હિતેશ અણઘણની દીકરીની લેબનો ઉપયોગ કરાયો હતો

SOG પુણામાં પકડેલી લેબના માલિક ઇશા અણઘણની હોવાનું બહાર આવ્યું હતું. જેથી પોલીસે સ્થળ પર ઈશા અનગણની પૂછતાછ કરતા તેણે જણાવ્યું કે, જનક જે લંડનમાં છે તેમનો કોલેજ ફ્રેન્ડ હતો. જનકે રેફરન્સ આપ્યો હતો કે બ્રિજેશને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R&D) માટે લેબની જરૂર છે. તેને કહેવામાં આવ્યું હતું કે તેમની મુખ્ય લેબ 22 કિમી દૂર છે, એટલે વિદ્યાર્થી તરીકે પ્રેક્ટિસ અને રિસર્ચ માટે આ જગ્યા જોઈએ છે, બ્રિજેશ માત્ર બે-ત્રણ કલાક માટે જ લેબમાં

...અનુસંધાન પાના 9 પર

### જનક જાગાણી વિરુધ રેડ કોર્નર નોટિસ ઈશ્યૂ કરાશે



જનક જાગાણી છાપરા ભાઠા વિસ્તારમાં રહેતો હતો.ત્યારે જલક, જનક, બ્રિજેશ, ખુશાલ તથા લેબની મલિક ઈશા સાથે માલીબા કોલેજમાં સાથે અભ્યાસ કરતા હતા. આ ઓળખને લઈ તેઓ ભેગા થઈ ડ્રગ્સ બનાવવાનું શરૂઆત કરી હતી. લંડનમાં હાઇ પ્રોફાઈલ બ્લુ ડ્રગ્સની વધુ

...અનુસંધાન પાના 9 પર



# તાપી શુદ્ધીકરણના પ્રોજેક્ટ પર ગંદા પાણીના આઉટલેટ 'પાણી' ફેરવે છે

**ઉત્રાણ**-મોટા વરાછામાં લોકોના નામે સોશિયલ મીડિયામાં પત્રિકા ફરતી થઈ

**પત્રિકામાં** મનપા તંત્રની કામગીરી પર પ્રશ્નાર્થ ઉઠાવવામાં આવ્યા

સુરતઃ એક તરફ કરોડો રૂપિયાનાં ખર્ચે તાપી શુદ્ધીકરણના દાવા કરવામાં આવી રહ્યા છે, જ્યારે બીજી તરફ ઉત્રાણ સહિતના વિસ્તારોમાં ગટરનું ગંદુ પાણી કોઈપણ ટ્રીટમેન્ટ વગર સીધું જ તાપી નદીમાં છોડવામાં આવી રહ્યું હોવાનો ગંભીર આક્ષેપ સાથે ઉત્રાણ અને મોટા વરાછાના લોકોના નામે સોશિયલ મીડિયામાં પત્રિકા ફરતી થઈ છે.

સ્થાનિક રહીશોના નામે ફરતી થયેલી ખુલ્લી રજુઆતના પત્રમાં જણાવ્યા મુજબ, ઉત્રાણ-મોટા વરાછા અને આસપાસના વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલ માટેની ડ્રેનેજ લાઇનમાં ગેરકાયદેસર રીતે ગટર કનેક્શન ભેળવવામાં આવ્યા છે. હાઇરાઇઝ સોસાયટીઓ, નાની સોસાયટીઓ, ખાનગી પ્લોટો, ગેરેજો અને ખાણીપીણીની હોટલોના ગટરનું ગંદુ પાણી સાંઇ હાઇટ્સ સોસાયટી પાસે વરસાદી પાણીના નિકાલ માટેની લાઇન મારફતે તાપી નદીમાં વહે છે. આ બધું મનપા તંત્રની જાણમાં હોવા છતાં કાર્યવાહી થતી નથી, જેને લઈ તંત્રએ જાણે આખ આડા કાન કર્યા હોય તેવી પ્રતિતિ થઈ રહી છે. ઉલ્ટું એવું લાગી રહ્યું છે કે

...અનુસંધાન પાના 9 પર

### કાલથી લાલભાઇ પર ISPLનો પ્રારંભ

# સુરતમાં અમિતાભ બચ્ચન-સચીન તેંડુલકરની એન્ટ્રી થશે

**અક્ષય** કુમાર,સૈફ અલી ખાન અને કરીના કપૂર,અજય દેવગન, સુર્યા, રામ ચરણ હેલીકોપ્ટરમાં લાલભાઈ સ્ટેડિયમ પર ઉતરશે

સુરતઃ ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (આઈએસપીએલ)નો રોમાંચ સમગ્ર સુરત પર છવાઈ જવા માટે તૈયાર છે 9 જાન્યુઆરીથી 6 ફેબ્રુઆરી સુરતમાં ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ સીઝન 3 ક્રિકેટર અને બોલિવૂડ અભિનેતાઓની હાજરીથી ધમધમશે. 9 મી સુરતના લાલભાઈ કોન્ટ્રાકટર

...અનુસંધાન પાના 9 પર

### આ આઠ ટીમ ટકરાશે

(1) માઝી મુંબઈ (અમિતાભ બચ્ચનની સહ-માલિકી)
(2) ટાઇગર્સ ઓફ કોલકાતા (સૌરવ ગાંગુલી, સૈફ અલી ખાન અને કરીના કપૂર ખાનની સહ-માલિકી)
(3) શ્રીનગર કે વીર (અક્ષય કુમારની સહ-માલિકી)
(4) ચેન્નાઇ સિંગમ્સ (સૂર્યાની સહ-માલિકી)
(5) બેંગલુરુ સ્ટ્રાઇકર્સ (હૃતિક રોશનની સહ-માલિકી)
(6) ફાલ્કન રાઇઝર્સ હૈદરાબાદ (રામ ચરનની સહ-માલિકી)
(7) દિલ્હી સુપર હીરોઝ (સલમાન ખાનની સહ-માલિકી)
(8) અમદાવાદ લાયન્સ (અજય દેવગણની સહ-માલિકી)

# પતંગની દોરી આ વર્ષે 25 ટકા મોંઘી

**ફીરકીના** ભાવ રૂ. 300થી રૂ. 3000; બજારમાં માગ પણ સ્ટોકમાં અછત



સુરતઃ ગુજરાતમાં સુરતી માંજો પ્રખ્યાત છે.દિવાળી બાદ માંજો ડબગરવાડ સહિતની બજારોમાં ઘસવાની ગતિવિધિ જોરશોરથી ચાલતી હોય છે પરંતુ આ વખતે વરસાદની સિઝન લંબાતા દોરી ઘસવાની પ્રક્રિયા 15 દિવસ મોડેથી શરૂ થઈ છે.

મકરસંક્રાંતિને હવે અઠવાડિયા જેટલો સમય બાકી છે, ત્યારે સુરતનાં ડબગરવાડ સહિતની બજારમાં લોકોએ પતંગ અને દોરાની ખરીદી શરૂ કરી દીધી છે. જોકે આ વખતે પાકા દોરાની અછત છે. સુરતનાં ડબગર વાડમાં દોરીનાં એક વેપારીઓના જણાવ્યા પ્રમાણે, જેટલો ઓર્ડર આપ્યો હતો તેના 50% જ દોરાનો સ્ટોક આવ્યો છે. આ વખતે વરસાદ મોડે સુધી રહેતા કાચા દોરાની બનાવટ દેશમાં ઓછી થઈ છે. દોરીનો મોટા ભાગનો માલ સુરતી બજારમાં સાઉથનાં બેંગ્લોર અને મદુરાઈ થી આવે છે આ વર્ષે ત્યાં પણ વાવાઝોડાની સ્થિતિ હોવાથી માલનુ ઉત્પાદન આછુ થતાં જેની અસર પતંગના પાકા દોરા પર પડી છે. બીજી તરફ ફીરકીનો ભાવ આ વખતે વધીને રૂ. 300થી રૂ. 3000 સુધી પહોંચી ગયો છે.

નાનપુરા સ્થિત ખારવાવાડ ખાતે દોરીનો વેપાર કરતા વેપારી રવીભાઈ નાતાલીએ જણાવ્યું હતું કે, આ વખતે કાચા દોરાની અછતના કારણે પાકા દોરાની ફીરકીનો સ્ટોક ઓછો આવતા ફીરકીના ભાવમાં 20થી 25 ટકાનો વધારો થયો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કાચા દોરાની અછતના કારણે પતંગના પાકા દોરાના ભાવમાં 20થી 25 ટકાનો ભાવવધારો નોંધાયેલો છે. અમદાવાદ, નડીયાદ, જયપુર, બાંગ્લાદેશ સહિતથી દોરીની આયાત થાય છે. સુરતમાં સુરતી માંજો ઉપરાંત બરેલીની દોરી પણ ડિમાન્ડેબલ હોય છે. જોકે ગત વર્ષે જે બરેલીની 9 તારની ફીરકી રૂ. 150માં મળતી તેના રૂ. 250 થઈ ગયા છે. જ્યારે સુરતી માંજામાં 9 તારની ફીરકી જે ગત વર્ષે રૂ. 300માં મળતી તેના આ વર્ષે રૂ. 400 થઈ ગયા છે.

### સૌથી વધુ ખરીદી છેલ્લા ત્રણ-ચાર દિવસોમાં જ રહેશે

આ સાથે જ તેમણે જણાવ્યું હતું કે, પતંગના પંજાની કિંમત રૂ.30થી લઈને રૂ. 600 સુધીની છે. જ્યારે રૂ. 300થી રૂ. 3000 સુધીની કિંમતની ફીરકી આ વખતે વેચાણ માટે આવેલી છે. સુરતનાં પતંગ બજારમાં 100 જેટલાં રિટેઇલ વેપારીઓ મકરસંક્રાંતિ દરમિયાન પતંગ અને દોરાનું વેચાણ કરતા હોય છે. આ વખતે ઉતરાયણના 10 દિવસ પહેલા ખરીદી તો છે, પરંતુ દોરામાં સ્ટોક ઓછો આવતા મુશ્કેલી પડી છે. મકરસંક્રાંતિને હવે અઠવાડિયા જેટલો સમય છે ત્યારે ગ્રાહકોએ ધીમે ધીમે ખરીદી શરૂ કરી દીધી છે. જોકે અહીં સૌથી વધુ ખરીદી છેલ્લા ત્રણ-ચાર દિવસોમાં જ રહેશે.

અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

### આગામી તા.10મી જાન્યુ.ની આસપાસ અંકલેશ્વર-કીમનો રૂટ શરૂ થાય તેવી સંભાવના, હાલમાં

# હાઈટેન્શન વીજટાવર અંકલેશ્વર કીમ રૂટમાં બન્યો 'વિલન'

**અગાઉ** 31મી ડિસે.ની ડેડલાઈન જાહેર કરાઈ હતી પરંતુ ટાવરને કારણે વિલંબ થયો

**આગામી** દિવસોમાં થાંભલાની જગ્યાએ ડાયવર્ઝન આપીને આ રૂટ શરૂ કરી દેવામાં આવશે



સુરત, ભરૂચઃ લાખો કરોડો રૂપિયાના હાઈવે બનાવનાર હાઈવે ઓથોરિટી દિલ્હી મુંબઈ એક્સપ્રેસ વે પર અંકલેશ્વરથી કીમનો રૂટ શરૂ કરવામાં એક સામાન્ય બાબતે ફેઈલ થઈ ગઈ છે. આ રૂટ પર એક હાઈટેન્શન વીજ લાઈનનો થાંભલો હાઈવે ઓથોરિટી ખસેડી શકી નહીં અને તેને કારણે આ રૂટ ખુલ્લો મુકાઈ શક્યો નથી. હવે આગામી તા.10મી તારીખની આસપાસ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેનો અંકલેશ્વરથી કીમનો રૂટ શરૂ થશે તેવું જાણવા મળી રહ્યું છે. સંભવતઃ આ સાથે જ આ રૂટ પર ટોલનાકું પણ ચાલું કરી દેવામાં આવશે.

આમ તો, હાઈવે ઓથોરિટી દ્વારા પુનગામની જમીનના પ્રશ્નના ઉકેલ બાદ તા.31મી ડિસેમ્બર સુધીમાં અંકલેશ્વરથી કીમનો આ રૂટ શરૂ કરી દેવાનું નક્કી કરવામાં આવ્યું હતું પરંતુ હાઈટેન્શનલ લાઈનનો થાંભલો આ નિર્ણયમાં વેરી બન્યો છે. ટાવર મુખ્ય કેરેજવેના એલાઇનમેન્ટ પર કબજો કરે છે, તેથી હાઇવે સત્તાવાળાઓને કામચલાઉ ત્રણ-લેન રોડ બનાવીને ફરજિયાત ડાયવર્ઝન બનાવવાની ફરજ પડી છે. જે વાહનોને હાઇ-ટેન્શન સ્ટ્રક્ચરને બાયપાસ કરવાની મંજૂરી આપે છે. નોંધનીય છે કે, એક્સપ્રેસ વે ચાર-લેન કેરેજવે તરીકે બનાવવામાં આવ્યો છે જેમાં બંને બાજુ પાકા ખભા (4+4=8-લેન રોડ) છે. સામાન્ય રીતે 100 કિમી પ્રતિ કલાકથી વધુ ગતિ મર્યાદા ધરાવતા એક્સપ્રેસ વે પર ડાયવર્ઝન આપવામાં આવતું નથી. જો કે, જો પૂરતી સાવચેતી રાખવામાં ન આવે તો આ કામચલાઉ વ્યવસ્થા સલામતી માટે જોખમો ઊભા કરી શકે છે. જેને લઈને ડાયવર્ઝનની

...અનુસંધાન પાના 9 પર

### હાઈટેન્શન થાંભલાને કારણે ડાયવર્ઝન આપીને રૂટ શરૂ કરાશે: હાઈવે અધિકારી

આ મામલે હાઈવે ઓથોરિટીના અધિકારીઓએ જણાવ્યું હતું કે, અંકલેશ્વરથી કીમનો રૂટ તૈયાર છે પરંતુ વચ્ચે હાઈટેન્શન વીજલાઈનનો થાંભલો ખસેડી શકાયો નથી. હાઈવે ઓથોરિટી દ્વારા પ્રયત્નો કરાયા પરંતુ આ થાંભલો હટ્યો નહીં હોવાથી હવે ડાઈવર્ઝન આપીને અંકલેશ્વરથી કીમનો રૂટ શરૂ કરી દેવામાં

...અનુસંધાન પાના 9 પર

### થાંભલો ખસેડાશે ત્યારે બે દિવસ રૂટ બંધ કરાશે: હાઈવે ઓથોરિટી

આગામી દિવસોમાં હાઈટેન્શન લાઈન ખસેડવાની કામગીરી કરવામાં આવશે. હાલમાં ભલે અંકલેશ્વરથી કીમનો રૂટ શરૂ કરી દેવામાં આવ્યો હોય પરંતુ આ થાંભલો ખસેડવાની

...અનુસંધાન પાના 9 પર


ત્રીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
આપની હયાતી અમારી પ્રેરણા હતી,
આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા,
આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચવિચારો,
માયાળુ સ્વભાવ અમો જીવનભર ભુલશું નહિં
પરમાત્મા આપના આત્માને શાંતિ અર્પે
એવી પ્રાર્થના...
Deeply mourned by :
ARTHAM Finserve Pvt Ltd Family
સ્વ. ગટુભાઈ માળી
જન્મ તા.: ૧૫-૦૮-૧૯૬૪
સ્વ.તા.: ૦૮-૦૧-૨૦૨૩


છઠ્ઠી વાર્ષિક પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ
તમારો લાગણીભર્યો સ્વભાવ અને અમારા સૌ સાથેનો આત્મીય લગાવ હંમેશા યાદ રહેશે. તમારી સદભાવ ભરી મીઠી સ્મૃતિઓ કદી નહીં ભુલાય.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ અમારી પ્રભુ પ્રાર્થના.
લિ. ગં. સ્વ. સરોજબેન રમેશચંદ્ર લોખંડવાળા (પત્ની)
આશિષ રમેશચંદ્ર લોખંડવાળા (પુત્ર) સ્મીતા આશિષ લોખંડવાળા
અતુલ રમેશચંદ્ર લોખંડવાળા (પુત્ર) હેમાલી અતુલ લોખંડવાળા
જય અતુલ લોખંડવાળા (પૌત્ર) ફ્રેની નિશીત ભગત (પૌત્રી)
નિશીત દિપકભાઈ ભગત (જમાઈ) માયરા નિશીત ભગત (વાહલી)
સ્વ.રમેશચંદ્ર ત્રિભોવનદાસ લોખંડવાળા
સ્વ.તા.૦૮.૦૧.૨૦૨૦
જન્મ. તા.૦૧.૦૨.૧૯૪૦


બીજી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ
અમારા જીવનનું ઘડતર કરી આપે અમને ઉજ્જવળ બનાવ્યા, તમારા સંસ્કારોથી શોભતા અમો આપના પુરૂષાર્થ થકી જીવનમાં સફળતા પામ્યા, જીવનભર સંઘર્ષ કરી સત્કર્મો વડે પરિવારને સમૃદ્ધ બનાવ્યો, આપ એ સેવા, કર્તવ્ય પરાયણતાની કંડારેલી કેડી પર ચાલી આપના સિદ્ધાંતોનું જીવનભર પાલન કરીશું. આપના અમી ભર્યા આશીર્વાદ અમારા પર વરસતા રહે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.
સ્વ. ઉમેદભાઈ મોરારભાઈ પટેલ
સ્વ. તા. ૦૮/૦૧/૨૦૨૪
જન્મ તા.૧૫/૫/૧૯૪૬
લિ.
ગં. સ્વ.હંસાબેન ઉમેદભાઈ પટેલ(પત્ની)
હિતેશભાઈ ઉમેદભાઈ પટેલ(પુત્ર)
રસીલાબેન હિતેશભાઈ પટેલ(પુત્રવધુ)
સેજલબેન હરીશભાઈ પટેલ(પુત્રી)
હરીશભાઈ સોમાભાઈ પટેલ(જમાઈ)
વંશી(પૌત્રી),ક્રિશા(પૌત્રી), અભિષેક (દોહિત્ર)
સ્થળઃ- નવાપરા, મુ.પો.બરબોધન, તા.ઓલપાડ.જી.સુરત.

પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. નિર્મળાબેન કુમુદચંદ્ર તમાકુવાળા
સ્વર્ગવાસ. તા. ૦૮-૦૧-૨૦૨૧
ક્યારેય કલ્પી ન શકાય તેવી આપની અણધારી વિદાય અમારા સૌનાં કાળજા કંપાવી ગઈ. જીવન એવું જીવી ગયા કે કદી ભુલાશે નહીં. વિદાય એવી લીધી કે કદી વિસરાય નહીં. આજના પુનિત દિવસે અમે સૌ, પરમકૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે આપના પવિત્ર આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના..
લિ.
કુમુદચંદ્ર વેણીલાલ તમાકુવાળા
દર્શના બ્રિજેશ કુમુદચંદ્ર તમાકુવાળા
માધવી કમલેશ હીરાલાલ ખાટીવાળા
તેજલ નિખિલ રમેશચંદ્ર સુરતી
વંશિલ,એંજલ,અનન્ય,હિરલ,મનન,નિધિ,નિરવય
જે.પી.તમાકુવાળા પરિવાર
મે.લક્ષ્મી મેડિકલ સ્ટોર્સ


લેઉવા પાટીદાર અવસાન
દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી/ભાભીશ્રી પાર્વતીબેન હીરાલાલ પટેલનું ૦૬-૦૧-૨૦૨૬ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
સદ્‌ગતની શ્મશાન યાત્રા તા.૦૮-૦૧-૨૦૨૬ને ગુરૂવારના રોજ સવારે ૯ કલાકે નીકળશે. તેમજ પ્રાર્થનાસભા તા.૧૧-૦૧-૨૦૨૬ને રવિવારના રોજ બપોરે ૨-૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે. (લૌકિક રિવાજ બંધ છે.)
પિયર પક્ષ
કૌશીકભાઈ ડાહ્યાભાઈ પટેલ
નટવરભાઈ નાથુભાઈ પટેલ
મુ.પો.નાદિડા, તા.બારડોલી
લિ.
ગીરીશભાઈ હીરાલાલ પટેલ (પુત્ર)
શાન ગીરીશભાઈ પટેલ (પૌત્ર)
સુરેશભાઈ ઈશ્વરભાઈ પટેલ (દિયર)
સ્વ. પાર્વતીબેન હીરાલાલ પટેલ
સ્વ.તા.૦૬-૦૧-૨૦૨૬
નિવાસ સ્થાન : ગામ-સોયાણી, તા.પલસાણા, જી.સુરત.


તળપદા કોળી પટેલ અવસાન-બેસણું
દિલગીરી સહ જણાવવાનું કે મારા ધર્મપત્ની / માતૃશ્રી ધનુબેન નારણભાઈ પટેલ નું દુઃખદ અવસાન તા. ૦૭/૦૧/૨૦૨૬ ને બુધવારના રોજ થયેલ છે.
પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના
:: બેસણું ::
સદ્‌ગતનું બેસણું તા. ૦૯/૦૧/૨૦૨૬ ને શુક્રવાર ના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાન (જહાંગીરપુરા-સુરત) મુકામે રાખેલ છે.
તા.ક-લૌકિક રિવાજ સંદતર બંધ છે.
:: શોકાતુર :: નારણભાઈ ભગાભાઈ પટેલ(પતિ)
રજનીકાંત (પિન્ટુ) નારણભાઈ પટેલ(પુત્ર)
તથા સમસ્ત પરિવારજનો
હાલ નું નિવાસ સ્થાન : ૭,ચિત્રાલી રો-હાઉસ, જહાંગીરપુરા-સુરત (મો.નં. ૯૮૨૫૧૮૭૪૧૦)
સ્વ. ધનુબેન નારણભાઈ પટેલ
સ્વ.તા. ૦૭.૦૧.૨૦૨૬
શેરડી, તા-ઓલપાડ